રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ શહેરના પોલીસ ડિપાર્ટમેન્ટની કાર્યવાહીની કામગીરીનો તટષ્થ તેમજ ઝડપી નિકાલ લાવવા બાબતે રાજય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી...

છેલ્લા ઘણાં સમયથી રાજકોટ શહેર પોલીસ સમક્ષ તોડકાંડ અને છેતરપીંડીના આક્ષોપો અને પ્રતિ આક્ષોપોની ચર્ચાઓ ચાલી રહી છે. જે ખરેખર નિષ્ઠાવાન પોલીસ અધિકારીઓ તેમજ રાજય સરકાર માટે અશોભનીય કામગીરી કહી શકાય. સાથો સાથ જે પોલીસ અધિકારીઓ પોતાની કામગીરી પુરી નિષ્ઠા અને તટસ્થાથી તેમજ કાબીલીયતથી કરે છે તેઓને પણ પારવાર નુકશાનકારક સાબીત થઈ રહયુ છે. તેથી તેઓની છાપ જળવાઈ રહે તે પણ જોવું ખાસ જરૂરી છે.

પોલીસબેડામાં છેલ્લા ૧૫ દિવસથી આશરે પોણા કરોડના તોડની ચર્ચા ચાલી રહી છે. આની તપાસ ગુજરાત રાજય સરકાર દ્વારા નિષ્ઠાવાન પોલીસ અધિકારીશ્રીને સોંપવામાં આવેલ છે. પરંતુ તે અધિકારીશ્રી કોરોના ગ્રસ્ત થયેલ હોવાથી આ તપાસ લંબાતી જાય છે અને આમ પ્રજાનો વિશ્વાસ તુટતો જાય છે. આશા છે કે તપાસ અધિકારીશ્રી કોરોન્ટાઈન પિરીયડમાંથી બહાર આવી આ અંગે ઝડપી અને નિષ્પક્ષ તપાસ કરશે.

અમારી સમક્ષ ઘણાં વેપારી સભાસદોની ફરીયાદો આવેલ છે. તો આ ફરિયાદો અંગે સમયનો જરા પણ વિલંબ કાર્ય વિના તાત્કાલીક અસરથી આ અંગે કમિટી તપાસ પુરી કરી દુધનું દુધ અને પાણીનું પાણી સાબીત કરે તેમજ જો કોઈ અધિકારીની આમાં સંડોવણી સાબીત થાય તો કડકમાં કડક સજા કરી સરકાર પગલા લે તેવી સમગ્ર વેપાર-ઉદ્યોગ આલમની લાગણી અને માંગણીને ધ્યાને લઈ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આ બાબતે તાત્કાલીક ઘટતું કરવા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સમક્ષ રજુઆત કરવામાં આવી છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.